# TRIUMPH

## I can and I will

**HALF YEARLY MAGAZINE**

Issue - 01, June - 2023

## NEWSLETTER

BHAVAN'S SHRI A. K. DOSHI MAHILA COLLEGE, JAMNAGAR

# N.C.C GROUP PHOTO










## Our Vision

To Impart value based education and to establish a tradition and culture of self reliance.

## Our Mission

To empower the students and to make them self reliant responsible citizens by creating an environment of knowledge, skills and values.

## મુખ્ય અભ્યાસક્રમો

### બી.એ.
### (સેમેસ્ટર - ૦૧ થી ૦૬)

- માનસશાસ્ત્ર
- સમાજશાસ્ત્ર
- અર્થશાસ્ત્ર
- અંગ્રેજી
- ગુજરાતી
- હિન્દી
- સંસ્કૃત

### બી.કોમ.
### (સેમેસ્ટર - ૦૧ થી ૦૬)

- એકાઉન્ટન્સી
- બિઝનેશ મેનેજમેન્ટ

Bhavan's Shri Amrutlal Kalidas Doshi Mahila College - Jamnagar.
Web : www.akdmcorg
Email : akdmcjam@gmail.com
Phone : (O) 0288-2756298 (F) 0288-2753389
Facebook page : www.facbook.com/pages/
shri-A-K-Doshi-Mahila-College/649643188495200

# સંપાદન વિશે

આનંદની વાત એ છે કે આપણી કોલેજની એટલી બધી પ્રવૃત્તિઓ છે કે આમાં કઈ અને કેટલી સમાવવી, એ પ્રશ્ન થાય. સંશોધનાત્મક, સર્જનાત્મક, રાષ્ટ્રીય, પ્રેરણાદાયક વગેરે કાર્યો સતત ચાલુ જ હોય છે. આનાથી વિદ્યાર્થીનીઓ નવું-નવું શીખે છે.

આવી પ્રવૃત્તિઓ ચાલુ રહે, એ ઈચ્છનીય છે. દિવંગત મુરબ્બી પૂર્વ ચેરમેનશ્રી વારંવાર કહેતા કે કોલેજ ધબકતી રહેવી જોઈએ. આપણે આ કેડીએ ચાલતા રહીએ છીએ અને ચાલતા રહીએ એવી શુભકામના સહ આ અંક આપ સૌના હાથમાં સાનંદ અર્પણ.

**ડૉ. અનિલ દ્વિવેદી**
**ડૉ. ધર્મેશ ખાનપરા**
**ડૉ. હાજા ઓડેદરા**

# આચાર્યશ્રીનો અભિપ્રાય

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં અર્થ એટલે સર્વ જનની વૃત્તિરૂપ અર્થ, એટલે કે દ્રવ્યનો પુરુષાર્થ નહિ, પણ રાજાની વૃત્તિરૂપ અર્થ, અર્થાત... પૃથ્વીનું પાલન અને તેને મળતા લાભના ઉપાયો. આ સિદ્ધાન્ત નાના પાયે કોલેજને લાગુ પડે છે. મને આનંદ છે કે આ પ્રવૃત્તિઓ પણ દ્રવ્યલાભ કરતા કોલેજને ગૌરવ અપાવતી પ્રવૃત્તિઓ છે. અધ્યાપન-અધ્યયન ઉપરાંત આવી એક્ટિવિટિઝ કોલેજની પ્રતિષ્ઠા વધારે છે.

આપણી કોલેજની પ્રતિષ્ઠા વધતી રહે એવી શુભેચ્છા.



**ડૉ. ચેતના ભેંસદડિયા**
પ્રિન્સિપાલ
શ્રી એ.કે. દોશી મહિલા કોલેજ,
જામનગર.

# રાષ્ટ્રીય તહેવાર અને વિશ્વ યોગ દિવસની ઉજવણી–૨૦૨૩








# English Department

## TREE PLANTATION

## BHAVAN'S SHRI A. K. DOSHI MAHILA COLLEGE, JAMNAGAR

## DATE: 10th July, 2023

The department of English of the college organized a tree plantation program for the first year students of English at the college wherein ten students participated with enthusiasm and planted two trees in the campus. Students took an oath to water and nurture these two plants under the guidance and inspiration of Dr. Vipul Kapoor and Prof. M. H. Panara.







# World Sparrow day

Bhavan's Shree A. K. Doshi Mahila College organized a one-day workshop with the coordination of MD Mehta Science Centre Dhrol on 20th March 2023. The theme of the workshop was innovative ideas and best from the West. Students prepared Some unique and different types of nests, food, and water supply models of birds. 102. Students participated in this workshop. Principal Dr. Chetnaben, the program coordinator, the sub-coordinator, and the professors remain present in the program to motivate students.






# ગુજરાતી વિભાગ

## નર્મદ જયંતી







# અર્થશાસ્ત્ર વિભાગ

ખેડૂતોને બજાર અંગેની માહિતીની સમયસર જાણકારી મળતી નથી. હાલની વૈશ્વિકરણ અને ઉદારીકરણના યુગમાં નાના અને સીમાંત ખેડૂતોએ પણ બજાર અંગેની સઘળી માહિતીથી વાકેફ થવું જરૂરી છે. હવે તો ખેડૂતો કોન્ટ્રાકટ ફાર્મિંગ પદ્ધતિ વડે કંપની સાથે કરાર આધારીત ખેતી કરતા થયા છે અને ગ્રાહકોને જોઈએ તેવો માલ ખેડૂતો પેદા કરી કંપનીઓ દ્વારા ગ્રાહકોને મળતો થયો છે. કૃષિ ક્ષેત્રના વિકાસ માટે દરેક ખેડૂતે બજાર વિષયક માહિતી જાણવી જરૂરી છે, અમારા વિદ્યાર્થિઓ દ્વારા કૃષિ બજાર ની મુલાકાત લઈને બજાર વિશેની માહિતી મેળવી હતી...







# સમાજશાસ્ત્ર વિભાગ

૮મી માર્ચ એટલે વિશ્વ મહિલા સશકિતકરણ દિવસ, જે અંતર્ગત શ્રી એ. કે. દોશી મહિલા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ચેતનાબહેન ભેંસદડીયાના માર્ગદર્શન હેઠળ સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૭/૩/૨૦૨૩ મંગળવારના રોજ સ્ત્રી સશકિતકરણ દિવસ ઉજવવામાં આવ્યો. આ કાર્યક્રમમાં એફ.વાય. એસ.વાયફ, ટી.વાય ના વિદ્યાર્થિનીઓએ વકતવ્ય, પ્રેરણાત્મક ડાન્સ, કાવ્યપઠન, બોર્ડવર્ક, રંગોળી, સુશોભન વગેરે પ્રવૃત્તિઓમાં રસપૂર્ણ ભાગ લઈને આ દિવસને ખરા અર્થમાં ઉજવ્યો, કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ચેતનાબહેન ભેંસદડીયાએ સ્ત્રીઓની ભૂમિકા વિશે રસપૂર્ણ વ્યાખ્યાન આપી વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કર્યા, સમાજશાસ્ત્રના હેડ ડૉ. ભાવના ગામીતે આભારવિધિ તેમજ ડૉ. ધર્મિષ્ઠા કરડાણીએ સંચાલક તરીકેની ભૂમિકા ભજવી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા અંગેની જહેમત ઉઠાવી.




WOMENS EMPOWERMENT
સમાજશાસ્ત્ર
વિભાગ





# મનોવિજ્ઞાન લેબ


BHARTIYA VIDYABHAVAN'S
SHRI AMRUTLAL KALIDAS DOSHI MAHILA COLLEGE
Mahila College Road, Patel Colony,
JAMNAGAR
Psychology Laboratory
Pass Along Test
Kohs Block Design Test
Pyramid Puzzle
Colour Preference Board & Stop Clock
Electric Memory Drum
Mirror Tracing Apparatus
Finger Dexterity Test
Muller Lyre Illusion (with Stands & Scale)
Electric Punch Maze with Error Counter
Viral Traders
Ahmeabad.
(M) 98793 89289


PROBLEM SOLVING
સમસ્યા ઉકેલ

# કોમર્સ વિભાગ

ભવન્સ શ્રી એ. કે. દોશી મહિલા કોલેજ જામનગર દ્વારા કોમર્સ વિભાગની વિદ્યાર્થિનીઓએ હર ઘર તિરંગા કાર્યક્રમ અંતર્ગત વિશાળ રેલીના કાર્યક્રમમાં ભાગ લીધેલ.



ભવન્સ શ્રી એ. કે. દોશી મહિલા કોલેજ જામનગર ની વિદ્યાર્થિનીઓએ તા. ૧૩-૧૪ માર્ચ ૨૦૨૩ ના રોજ ડી.કે.વી. કોલેજમાં યોજાયેલ જોબ પ્લેસમેન્ટ ફેર માં ભાગ લીધેલ અને કોલેજના કોમર્સ વિભાગના અધ્યાપક શ્રી ડૉ. જી. પી. સોલંકીને ઉમદા કામગીરી બદલ એવોર્ડ આપવામાં આવેલ હતો.






ભવન્સ શ્રી એ. કે. દોશી મહિલા કોલેજ જામનગર દ્વારા કોમર્સ વિભાગ દ્વારા તા. ૨૧/૧૦/૨૦૨૨ ના રોજ નવરાત્રી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં વિદ્યાર્થિની બહેનોએ રાસ ગરબામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો.










# રમત ગમત વિભાગ

શ્રી એ. કે. દોશી મહિલા કોલેજ વિદ્યાર્થિની તેજસ્વી ભટ્ટ એ રાષ્ટ્રીય કક્ષાની આંતર યુનિવર્સિટીની જુદી-જુદી રમતોમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટમાં બેડમિન્ટનમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ. ચેતનાબેન, પીટીઆઈ જયેશભાઈ સુરેજા અને મનોવિજ્ઞાનના અધ્યાપક ડૉ. કેતનભાઈ ધોળકિયા દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ હતું.










શ્રી એ. કે. દોશી મહિલા કોલેજ ના બધા જ વહિવટી કર્મચારીઓની સરાહનીય કામગીરી.













# ભવન્સ શ્રી એ. કે. દોશી મહિલા કોલેજ – જામનગર
# ગ્રંથાલય વિભાગ

## ગ્રંથાલય પ્રવૃત્તિ

પ્રાચીન સમયમાં ગ્રંથાલયોનો ઉદેશ્ય ગ્રંથાલય સામગ્રીનું રક્ષણ કરવાનો રહ્યો છે. જો કે આ ઉદેશ્યમાં ધીમે ધીમે પરિવર્તન આવી ગયું અને આજે તેનો ઉદેશય ગ્રંથાલય સામગ્રીનો વધુને વધુ ઉપયોગ થાય તે રહેલો છે. ગ્રંથાલય પ્રવૃતિનો સામાન્ય અર્થ એવો કરવામાં આવે છે કે ઉપયોગકર્તાઓને ગ્રંથાલય સેવા પ્રતિ આકર્ષિત કરવા માટે કરવામાં આવતી પ્રવૃતિ.

ભવન્સ શ્રી એ. કે. દોશી મહિલા કોલેજ ગ્રંથાલયથી વિદ્યાર્થીઓ માહિતગાર થાય તેમજ ગ્રંથાલયનો વધુને વધુ ઉપયોગ કરે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે જેમાં મુખ્યત્વે.

- ગ્રંથાલય ઓરિએન્ટેશન પ્રોગ્રામ
- પુસ્તક પ્રદર્શન
- વિશ્વ પુસ્તક દિવસ
- લાઈબ્રેરીયન દિવસ
- બુક રીવ્યુ

### ગ્રંથાલય ઓરિએન્ટેશન પ્રોગ્રામ



કોલેજમાં નવા આવપા વિદ્યાર્થીઓને કોલેજની સેવાઓથી માહિતગાર કરવા માટે આ પ્રવૃતિ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ કોલેજ ગ્રંથાલયનો ઉપયોગ કરે તે માટે આ પ્રવૃતિ દર વર્ષે કરવામાં આવે છે.

## ગ્રંથાલય ઓરિએન્ટેશન પ્રોગ્રામ



ગ્રંથાલયમાં રહેલ વિવિધ વિભાગોની માહિતી વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે. ગાંધી જયંતિ, સ્વામી વિવેકાનંદ જયંતિ, પ્રેમચંદ જયંતિ, વિશ્વ મહિલા દિવસોએ પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવે છે.

## વિશ્વ પુસ્તક દિવસ



ગ્રંથાલયમાં રહેલ વિવિધ વિભાગોની માહિતી વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે વિશ્વ પુસ્તક દિવસ નિમિતે મહાત્મા ગાંધી, સ્વામી વિવેકાનંદ, પ્રેમચંદ, શેકસપીયર, ઉમાશંકર જોષી, ઓશો રજનીશ વગેરે સંબંધિત પુસ્તકોથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવે છે.

## લાઈબ્રેરીયન દિવસ




૧૨ ઓગસ્ટ એટલે ગ્રંથપાલ દિવસ, ગ્રંથાલય વિજ્ઞાનના પિતા તરીકે જાણીતા ડો. એસ. આર. રંગનાથનના જન્મદિવસને રાષ્ટ્રીય ગ્રંથાલય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ નિમિતે વિદ્યાર્થીઓ ગ્રંથાલય સંબંધિત પોસ્ટર બનાવી ગ્રંથાલયનો વધુને વધુ ઉપયોગ થાય અને ગ્રંથાલય સેવાઓથી દરેક ઉપયોગકર્તા જાણકાર થાય તે માટે પોસ્ટર પ્રદર્શન ગ્રંથાલયમાં રાખવામા આવેલ

## બુક રીવ્યુ



આ પ્રવૃતિમાં વિદ્યાર્થીઓને કોઈપણ એક પુસ્તક અંગે પોતાનો રીવ્યુ આપવાનો હોય છે. આ પ્રવૃતિ કરવા માટેનો મુખ્ય ઉદેશ્ય વિદ્યાર્થીઓમાં વાંચનરસ વિકસિત થાય અને વધુ ને વધુ વાંચન કરે તે રહેલો છે.

# "કુદરતને ખોળે રમતું ગુજરાત"

કુદરતને ખોળે રમતું ગુજરાત (૨)

જેનુ સ્થાન છે ભારતમાં અનોખુ એવુ મારુ મોજીલું ગુજરાત

મઢવાળી માતનો 'મોભો' મળ્યો એવુ મારું વતન ગુજરાત

દરિયાકાંઠે શોભે દ્વારકાધીશની નગરી એવુ મારું ધર્મપ્રેમી ગુજરાત

સોમનાથની સાથે સોહામણો સમુદ્ર એવુ મારું રળિયામણુ ગુજરાત

અખંડ ભારતમાં જેનું યોગદાન પ્રથમ એવા કૃષ્ણકુમારસિંહજીનું રાજય ગુજરાત

કુદરત..

ગીરના સિંહ છે જેનુ માન એવુ મારું વહાલુ ગુજરાત

સફેદ રણનો સુર્યાસ્ત સુંદર એવુ મારું શ્રેષ્ઠ ગુજરાત

વિખ્યાત વેપારીને ખાવાના શોખીન એવા ગુજરાતીઓનું રે'ઠાણ છે ગુજરાત

કહે 'ભુમિ' છે નિરાળી મારી 'માતૃભુમી' એવું કુદરતને ખોળે રમતુ ગુજરાત



જાડેજા ભૂમિકાબા વિરાજી
T.Y.B.A.(English)

# I FEEL LUCKY WHEN

*Everyone tosses me out of their life*
*after their benefits,*
*But nature jay's....*
*"Come, sit down under my shade...1*
*wont's allow heat to burn you,*
*Dont feel lonely...Let my air hug you...*
*Come, Let the Ring of sky...May guide*
*you the way...*
*Don't cry...I'll hide your tears by my air*
*If you feel cold... I'll tell my mountains*
*to hide you inside it's caves...*
*and if you feel warm... I'll bring*
*winters in may...*
*I'll tell my moon to inspire you to*
*shine at dark...*
*and then hook the bulliers on my*
*tree's bark...*
*I'll tell my waves to make you brave...*
*and make each one of them... for you..*
*to crave...!*



Lohani Shifa
F.Y.B.A.(English)

# N.S.S. GROUP PHOTO






विद्या का अंतिम लक्ष्य चरित्र - निर्माण होना चाहिए ।

- प्रेमचन्द



स्वाध्याय बुद्धि का यज्ञ है ।

- जयशंकर प्रसाद



सारे मानव-समाज को सुन्दर बनाने की साधना का ही नाम साहित्य है ।

- हजारीप्रसाद द्विवेदी



समय पर वही सवारी कर सकता है जो समय की लगाम पकडे रहे ।

- अमृता प्रीतम